ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
બારડોલી : ૦૨૬૨૨-૨૨૦૪૮૪ | ભરૂચ : ૯૪૮૪૯૯૬૩૨૪
શુક્રવાર ૨૩ ઓક્ટોબર, ૨૦૨૬



# અંકલેશ્વરમાં ગેસલાઈનનો વિરોધ

**અંકલેશ્વર** જમીન સંપાદન અંગેની સુનાવણી અનિર્ણિત

**બુલેટ** ટ્રેન અને એક્સપ્રેસ-વે માટે જમીનો ગઈ છે

ભરૂચ : દહેજથી કામરેજ સુધી નાંખવામાં આવનાર ટોરેન્ટ કંપનીની ગેસ પાઈપલાઈન માટેના જમીન સંપાદનનો મામલો ભારે ગરમાયો છે. આ પ્રોજેક્ટ સામે ખેડૂતો દ્વારા કરાયેલી વાંધા અરજીઓની સુનાવણી અંકલેશ્વર તાલુકા પંચાયતના સભાખંડ ખાતે ભારે હોબાળા, તીખી દલીલો અને ઉગ્ર વિરોધ વચ્ચે યોજાઈ હતી. ખાસ જમીન સંપાદન અધિકારી અને કંપનીના ઉચ્ચ પદાધિકારીઓની હાજરીમાં મળેલી આ બેઠકમાં અસરગ્રસ્ત પાંચ ગામોના ખેડૂતોએ પોતાની વેદના રજૂ કરીને પોતાની કિંમતી અને ઉપજાઉ જમીન બચાવવા એકસૂરે વૈકલ્પિક રૂટની પ્રબળ માંગ કરી હતી.






## સરકારી ખાલી જમીનોનો ઉપયોગ કરો

ખેડૂત આગેવાન નિપુલ પટેલ અને માટીએડનાં સરપંચ મહિપતસિંહ ડોડીયાએ જણાવ્યું કે, અમારી જમીનમાંથી અગાઉ પણ બુલેટ ટ્રેન, એક્સપ્રેસ-વે જેવા અનેક પ્રોજેક્ટ પસાર થયા છે. હવે જો નવો પ્રોજેક્ટ પણ ખેતરોમાંથી જશે તો ખેડૂતો જમીન વિહોણા કરવાની ભીતિ સામે અમારો વાંધો છે. માટીએડ ગામના 70થી વધુ ખેડૂતો સહિત કુલ પાંચ ગામના ખેડૂતો એક જ સૂર અને મક્કમ રજૂઆત લઈને આવ્યા છે. બાજુમાં કલ્પસર અને એક્સપ્રેસ-વેની સરકારી જમીનો ખાલી પડી છે, તો ત્યાંથી વૈકલ્પિક માર્ગ કેમ લેતા નથી? અમારી ઉપજાઉ જમીન બગડશે તો આવનારી પેઢી કોઈને માફ નહિ કરે, એમ ખેડૂતોએ મક્કમતાથી જણાવ્યું હતું. ખેડૂતોના ઉગ્ર આક્રોશને પગલે આ મહત્વની બેઠક કોઈપણ ચોક્કસ નિર્ણય વગર જ અનિર્ણીત રહી હતી. આ બેઠકમાં ખેડૂતોએ પોતાની જમીનના સંરક્ષણ માટે વૈકલ્પિક રૂટની માંગને વારંવાર દોહરાવી હતી અને સંબંધિત અધિકારીઓ સમક્ષ પોતાની માંગણીઓને મક્કમતાથી રજૂ કરી હતી. ખેડૂતોની લાગણી એવી હતી કે જમીન એ તેમની આજીવિકા અને આવનારી પેઢીનું ભવિષ્ય છે, તેથી કોઈપણ પ્રકારની જમીન સંપાદનની કાર્યવાહી પહેલાં તેમની સહમતિ અને વૈકલ્પિક વ્યવસ્થા શોધવી જરૂરી છે.

# સોનગઢમાં ટ્રકે બાઈકને અડફેટે લેતાં એકનું મોત

સોનગઢઃ સોનગઢ નેશનલ હાઈવે પર ગુજરાત સ્ટોન ક્વોરી સામે અકસ્માત સર્જાયો હતો. સ્પ્લેન્ડર મોટરસાઈકલ નં.(GJ-26-AD-2960) પર સવાર દંપતી પિકઅપ ટેમ્પોને ઓવરટેક કરવા જતાં રોડ પર પટકાયું હતું. આ દરમિયાન બાજુમાંથી પસાર થતી ટ્રકનું પાછળનું વ્હીલ પત્ની નિર્મિતીબેન પર ફરી વળતા કમર અને જમણા પગના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ઘટનાની ગંભીરતા જોતાં ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક વ્યારા યુ.એન.એમ. મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યાં હતાં. મૃતકના પિતા દયારામ વસાવા દ્વારા સોનગઢ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ ચાલક પતિ રોશનભાઈ વસાવા પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ ન હોવા છતાં બેદરકારી અને ગફલતભરી રીતે વાહન હંકારી આ અકસ્માત સર્જ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### તરસાડીની સાયન્સ કોલેજના વિદ્યાર્થીનું કબડ્ડી ટીમમાં સિલેક્શન


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ તરસાડી ખાતે આવેલી સાયન્સ કોલેજના વિદ્યાર્થીનું યુનિવર્સિટી ટીમમાં કબડ્ડીના ખેલાડી તરીકે સિલેક્શન થતાં તેનું સન્માન કરવામાં આવ્યું હતું. આદર્શ કેળવણી મંડળ કોસંબા સંચાલિત સાયન્સ-કોમર્સ કોલેજ, તરસાડીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી કુંચાલા નીતિનનું વીર નર્મદ યુનિવર્સટી કબડ્ડી ટીમમાં સિલેક્શન થયું છે. આ યુનિવર્સિટી ટીમ રાષ્ટ્રીય કક્ષાએ રમવા જશે ત્યારે નીતિન યુનિવર્સિટી ટીમમાં ખેલાડી તરીકે ભાગ લેશે. નીતિનને કોલેજના આચાર્ય ડો.કેતન નિઝામા અને સ્ટાફ પરિવાર અને આદર્શ કેળવણી મંડળના પ્રમુખ રાકેશસિંહ સોલંકી, સેક્રેટરી દેવેન્દ્રસિંહ ચૌહાણ અને તમામ સદસ્યોએ શુભેચ્છા પાઠવી હતી.

### મોરદેવી ખાતે ખેડૂત શિબિર યોજાઈ



વાલોડઃ વાલોડના મોરદેવી ગામે નાયબ બાગાયત નિયામકની કચેરી દ્વારા બાગાયતી પાકોમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ તથા ખેડૂતલક્ષી સહાય યોજનાઓ અંગે જાગૃતિ લાવવાના હેતુથી ગત અઠવાડિયે ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ખેડૂતોને બાગાયતી ખેતીના વિકાસ, ટકાઉ ખેતી પદ્ધતિઓ અને વિવિધ સરકારી યોજનાઓ અંગે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શિબિરમાં સુરતના સંયુક્ત બાગાયત નિયામક ડી. કે. પડાલીયાએ ‘ગ્રો મોર ફ્રૂટ ક્રોપ અભિયાન’ અંતર્ગત ફળપાકોનો વાવેતર વિસ્તાર વધારવા ખેડૂતોને આહવાન કર્યું હતું. સાથે જ તેમણે ઓઈલ પામની ખેતી અંગે પણ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### કડોદની કામધેનુ ગૌશાળા ખાતે હવન



કડોદઃ કડોદ ગામે આવેલી શ્રી કામધેનુ ગૌશાળા ખાતે ગૌશાળાના ઉત્થાન અને ગૌસેવાના હેતુથી હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. કડોદ ગામના ભૂદેવો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે યોજાયેલા આ હવનમાં ગૌભક્તોએ આહુતિ અર્પણ કરી ગૌસેવા અને ગૌરક્ષાનો સંકલ્પ લીધો હતો. કડોદ ગામે કડોદ-મઢી રોડ પર આવેલી શ્રી કામધેનુ ગૌશાળા ખાતે આસો સુદ અગિયારસના પવિત્ર દિવસે હવન યોજાયો હતો. ગૌશાળાના ઉત્થાન અને ગૌસેવાના ઉમદા હેતુ સાથે આયોજિત આ ધાર્મિક કાર્યક્રમમાં ગૌભક્તોએ શ્રદ્ધાપૂર્વક હવનમાં આહુતિ અર્પણ કરી હતી. ગૌશાળાના સભ્યો દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ગૌમાતાની સેવા, ગૌરક્ષા અને ગૌસંવર્ધનનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. સાથે જ ગૌશાળાની સેવાકીય પ્રવૃત્તિઓને આગળ વધારવા માટે ગ્રામજનો અને ગૌભક્તોને સહયોગ આપવા અપીલ કરવામાં આવી હતી. આ હવનના માધ્યમથી ગૌશાળાના ઉત્થાન અને ગૌસેવાના કાર્યને વધુ વેગ મળે તેવો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### વ્યારામાં આધેડનો મોબાઈલ હેક કરી છેતરપિંડી

વ્યારાઃ વ્યારા નગરમાં કાનપુરા સ્થિત અજીતનાથ કોર્પોરેશન સોસાયટીમાં રહેતા 49 વર્ષીય આધેડ નિલેશભાઈ પ્રકાશભાઈ પાટીલ (ધંધો-ડ્રાઇવિંગ)નો મોબાઈલ ગત સપ્ટેમ્બર મહિનામાં તા.18-9-2026થી તા.20-9-2026 દરમિયાન અલગ અલગ સમયે કોઈ અજાણ્યા ઈસમે હેક કરી લીધો હતો. દરમિયાન મોબાઈલમાં ફોન પે અને ગૂગલ પે એપ્લિકેશનનો ઉપયોગ કરી ફરિયાદી અને તેની માતાનાં બેંક ખાતામાંથી ગંઠિયાએ ટુકડે ટુકડે મળી કુલ રૂ.3,00,798 ટ્રાન્સફર કરી લીધા હતા. જે અંગે ફરિયાદીએ ગત તા.21-10-2026ના રોજ વ્યારા પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઓરમા ગામને સૂચિત ઓલપાડ પાલિકામાં રૂપાંતરિત સામે વિરોધ

**ગ્રામજનોએ** સુડા ભવન ખાતે નગરપાલિકા પ્રાદેશિક કમિશનરને અરજી કરી

સુરત, સાયણઃ ઓરમા ગ્રામ પંચાયત વિસ્તારને સૂચિત ઓલપાડ નગરપાલિકામાં સમાવેશ કરવાના પ્રાદેશિક કમિશનરના નિર્ણય સામે ઓરમાના સ્થાનિક રહીશો, મિલકતધારકો અને વેપારીઓમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. આ સંદર્ભે ગ્રામજનોએ એકત્ર થઈને પ્રાદેશિક કમિશનર, નગરપાલિકાઓની કચેરી (સુડા ભવન, વેસુ, સુરત) ખાતે ન્યાયિક વાંધા અને સૂચનો રજૂ કરતી અરજી કરી છે.

ગ્રામજનોએ રજૂ કરેલા મુખ્ય મુદ્દા અનુસાર હાલ ૨૦૨૭ની વસતી ગણતરીની પ્રારંભિક પ્રક્રિયા ચાલુ હોવાથી વસતી ગણતરી પૂર્ણ થયા બાદ જ આ નિર્ણય પર ફેરવિચારણા કરવી યોગ્ય રહેશે. આ ઉપરાંત, પંચાયત અને મહેસૂલી તલાટી વચ્ચે રેકોર્ડ હસ્તાંતરણની કામગીરી હજુ પૂર્ણ ન થઈ હોવાથી પેઢીનામા જેવાં કામો અટવાયાં છે, જેથી પૂરતા આયોજન વગરનો આ નિર્ણય વહીવટી પ્રશ્નો ઊભા કરશે. નગરપાલિકા બનવાથી મિલકતવેરા અને અન્ય કરવેરાનું અસહ્ય ભારણ વધશે, જ્યારે બદલામાં મળતી પ્રાથમિક સુવિધાઓ વર્ષો સુધી પ્રાપ્ત થતી નથી. ગામ મુખ્યત્વે ખેતી પર આધારિત હોવાથી મનરેગા (MGNREGA) અને સરકારી ગ્રાન્ટ-સબસિડી બંધ થઈ જવાની ભીતિ છે. તેમજ ગામમાં હજુ સિટી સરવે કે જીપીએસ માપણી ન થઈ હોવાથી ભવિષ્યમાં કાનૂની વિવાદો વધવાની શક્યતા છે. ગ્રામજનોએ જૂનાં બાંધકામોની મંજૂરી જાળવી રાખવા, ખેતીની જમીનોનું રક્ષણ કરવા અને નાણાકીય રાહત આપવા માંગ કરી છે. આખરી નિર્ણય લેતા પહેલાં આ મુદ્દાઓ પર સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવામાં આવે અને ગ્રામજનોને રૂબરૂ સાંભળવાની તક આપવામાં આવે તેવી અપીલ કરાઈ છે.

## ગામના કુદરતી જળસ્રોતો અને જાહેર મિલકતોનું રક્ષણ થવું જોઈએ

ગામનાં તળાવો, કોતરો, વરસાદી પાણીના કુદરતી વહેણ, ગોચર જમીન, ખુલ્લી જગ્યાઓ, જાહેર રસ્તાઓ, સ્મશાનભૂમિ, કબ્રસ્તાન અને ધાર્મિક સ્થળોનું રક્ષણ કરવા તથા વિકાસના નામે તેમના કાયદેસર ઉપયોગ અને હકોને નુકસાન ન થાય તે જોવાની રજૂઆત કરવામાં આવી છે. ઉપરાંત પ્રાથમિક શાળાઓ, આંગણવાડીઓ, આરોગ્ય કેન્દ્રો, જાહેર વિતરણ વ્યવસ્થા (રાશન), જન્મ-મરણ નોંધણી અને નાગરિક પ્રમાણપત્રો જેવી સેવાઓમાં કોઈ વિક્ષેપ ન પડે તે માટે સુચારૂ વહીવટી વ્યવસ્થા કરવા તેમજ અગ્નિશમન (ફાયર) અને કટોકટી સેવાઓ ઉપલબ્ધ કરાવવા જણાવાયું છે.

## આંતરમાળખાકીય સુવિધાઓનું સમયબદ્ધ આયોજન

ગામમાં ગુણવત્તાયુક્ત રસ્તા, સ્ટોર્મ વોટર ડ્રેનેજ, ગટર વ્યવસ્થા, પીવાનું પાણી, સ્ટ્રીટલાઈટ, જાહેર પરિવહન અને ઘન કચરાના નિકાલ જેવી આવશ્યક સુવિધાઓ માટે વર્તમાન અને ભવિષ્યની વધતી વસતીને ધ્યાનમાં રાખીને સમયબદ્ધ વિકાસ યોજના તૈયાર કરવા માંગ કરાઈ છે.

# મજૂરોની સેફ્ટી માટે ઝંડી બતાવી રહેલા યુવાનને ટ્રક ચાલકે કચડયો

**પીપોદરા** ઓવરબ્રિજ પર બનેલી ઘટના, સેફ્ટી બેરિકેટ તોડી ઘૂસેલી ટ્રકને લઈ મજૂરોમાં નાસભાગ મચી ગઈ


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ નેશનલ હાઈવે નં.48 પર આવેલા પીપોદરા ઓવરબ્રિજ ઉપર ગંભીર અને વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. બ્રિજ પર સાફસફાઈ કરી રહેલી ટીમની સુરક્ષામાં તૈનાત કર્મચારીને પૂરપાટ ઝડપે આવતી ટ્રકે અડફેટે લેતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું, જ્યારે કામ કરી રહેલા અન્ય મજૂરોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી.

પીપોદરા ઓવરબ્રિજ પર આશરે 100 મીટરના વિસ્તારમાં 12 જેટલા મજૂરો બેરિકેટિંગ અને 15 સેફ્ટી કોન ગોઠવીને સાફસફાઈની કામગીરી કરી રહ્યા હતા. દરમિયાન વાહનચાલકો અને મજૂરોના રક્ષણ અર્થે 48 વર્ષીય કર્મચારી છત્રસિંહ પ્રતાપસિંહ ઝાલા લાલ ઝંડી બતાવીને વાહનોને ડાયવર્ટ કરવાની પોતાની ફરજ બજાવી રહ્યા હતા. દરમિયાન હાઈવે પરથી પૂરપાટ ઝડપે આવી રહેલી ટ્રક નં.(GJ 06 AX 8295)ના ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલી ટ્રકે સલામતી માટે મુકેલા બેરિકેટિંગ તોડી કામગીરી ચાલતી હતી તે એરિયામાં ઘૂસી ગઈ હતી અને ઝંડી બતાવી રહેલા છત્રસિંહ ઝાલાને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં તેમને ગંભીર ઈજા પહોંચતાં તેમનું નીપજ્યું હતું. અચાનક બનેલી આ ઘટનાથી બ્રિજ પર કામ કરી રહેલા મજૂરોમાં ભયનો માહોલ સર્જાયો હતો અને લોકો જીવ બચાવવા ભાગદોડ કરવા લાગ્યા હતા. બનાવ અંગે જાણ થતાં જ પાલોદ પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડી ટ્રક ચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# માંડવીમાં નવરાત્રિના ગરબા જોઈને પરત ફરતા યુવક પર હુમલો

**વાહન** કાઢવા બાબતે થયેલી બોલાચાલીમાં બે શખ્સ સામે પોલીસ ફરિયાદ

માંડવીઃ માંડવી તાલુકામાં નવરાત્રિ મહોત્સવ દરમિયાન મારામારી અને ધમકીની ઘટના સામે આવી છે. તા.19 ઓક્ટોમ્બરના રોજ રાત્રે 10:30 વાગ્યાના સુમારે માંડવી હાઈસ્કૂલ ખાતેથી ગરબા જોઈને પોતાના ઘરે પરત ફરી રહેલા 19 વર્ષીય યુવક સ્મીતકુમાર સુનીલભાઈ ચૌધરી પર હુમલો કરતાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સ્મીતકુમાર અને તેમના ભાઈ વંશકુમાર (રહે.,બડતલ, સામળી ફળિયું, માંડવી) માંડવી હાઈસ્કૂલ પાછળના ગેટ પાસેથી પોતાનું ટુ-વ્હીલર વાહન (મોબાઈલની દુકાન સામે પાર્ક કરેલી સ્પ્લેન્ડર બાઈક નં.(GJ-19-BN-2033) કાઢી રહ્યા હતા. દરમિયાન અંધાત્રી ગામના રહેવાસી પ્રિયાંશકુમાર ભરતભાઈ ચૌધરી અને સાહિલકુમાર ગિરીશભાઈ ચૌધરી (બંને રહે., અંધાત્રી-માંડવી) ત્યાં આવ્યા હતા. વાહન કાઢવા જેવી સામાન્ય બાબતે બંને પક્ષો વચ્ચે બોલાચાલી ઉગ્ર બની હતી, જેમાં આરોપીઓએ ઉશ્કેરાઈ જઈને ફરિયાદીને ગાળો આપી હતી, શર્ટ પકડીને માર માર્યો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

પીડિત યુવક સ્મીતકુમારને જન્મથી જ સિકલસેલની બીમારી હોવાથી આ હુમલા અને મારામારીના કારણે તેમને શ્વાસ લેવામાં તકલીફ તથા શરીરે ગંભીર દુખાવો ઉપડ્યો હતો. પરિવારજનો અને સ્થાનિક લોકોની મદદથી તેમને તાત્કાલિક માંડવી સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે તેમને માંડવીની આત્મિય હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા છે. આ સમગ્ર મામલે તા-21 ઓક્ટોબરના રોજ માંડવી પોલીસ મથકે લેખિત ફરિયાદ આપતાં પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

## સાયણમાં રૂ.1.25 લાખનો દારૂ ઝડપાયો

સુરતઃ ઓલપાડ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સાયણમાં પોલીસે દારૂના ગેરકાયદે વેપાર સામે લાલ આંખ કરી છે. તા.૨૨/૧૦/૨૦૨૬ના રોજ વહેલી સવારે ઓલપાડ પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. આ રેડ દરમિયાન વગર પાસ-પરમિટે વિદેશી દારૂની બાટલીઓ તથા પાઉચ નંગ-૮૬૪ (કિં.રૂ.૧,૨૫,૨૦૮) સ્થળ પર જ મૂકીને નાસી છૂટ્યા હતા. પોલીસે ઘટના સ્થળેથી નંબર વગરની ઈકો કાર કિં.રૂ.૨ લાખ અને મારુતિ સુઝુકી બલેનો કાર નં.GJ-05-JT-7904 કિં.રૂ.૩ લાખ જપ્ત કરી છે. આ કાર્યવાહીમાં કુલ રૂ.૬,૨૫,૨૦૮નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

## સાયણમાં બિહારી શ્રમિકનો મૃતદેહ મળ્યો

સાયણઃ મૂળ બિહારના સિવાનનો શ્રમિક અસિહરપ્રસાદ બલ ખેખર મહંતો (ઉં.વ.૩૬) હાલ સાયણ ટાઉનમાં રહી ટેક્સટાઈલ એકમમાં મજૂરીકામ કરતો હતો. ગત બુધવાર તા.૨૧ના રોજ બપોરે ૧૧:૪૫ કલાકના સુમારે અસિહરપ્રસાદનો મૃતદેહ સાયણની આદર્શનગર સોસાયટીમાં આવેલા ગાગરીયા ફેબ્રિક્સના પાસે રોડ પરથી મળી આવ્યો હતો.

# પાલી અને વાવ ગામના ખેડૂતના શેરડીના ઊભા પાકમાં આગ

**પાલી** ગામના મહુવા સુગરના ડિરેક્ટરના દસ વીઘાં ખેતરમાં સુગરની ચૂંટણીની અદાવતમાં આગ લગાડાઈ

કામરેજઃ કામરેજના પાલી ગામના મહુવા સુગરના ડિરેક્ટરના દસ વીઘાં ખેતરમાં સુગરની ચૂંટણીની અદાવતમાં શેરડીના ઊભા પાકમાં આગ લગાડવામાં આવી તેમજ વાવ ગામના ખેડૂતના પણ દસ વીઘાં શેરડીના ખેતરમાં આગ લગાડવાથી ખેડૂતને ભારે નુકસાન થયું છે.

બારડોલીના બાબેન ગામે અવધ લેક સિટીમાં મકાન નં.એફ-80માં હાલ રહેતા અને મૂળ કામરેજના પાલી ગામે પાદર ફળિયામાં નિકુંજસિંહ કલ્યાણસિંહ ઠાકોર રહીને ખેતી કરે છે. ગામમાં સરવે નં.144, ખાતા નં.518 વાળી આશરે 10 વીઘાં જમીનના માલિક સોનાબેન હિરજીભાઈ ગાંગાણીનું છેલ્લાં સાત વર્ષથી ગણોત પર રાખીને શેરડીનું વાવેતર કરે છે. તાજેતરમાં જ મહુવા સુગરની ચૂંટણીમાં બારડોલી બેઠક પરથી નિકુંજસિંહ ઠાકોર વિજેતા થયા હતા. જેની અદાવતમાં બે દિવસ અગાઉ વાણીયાવાળા ખેતરમાં 10 વીઘાં શેરડીનું વાવેતર કરવામાં આવ્યું હતું. જે શેરડીનો ઊભો પાક તૈયાર થઈ ગયો હતો. થોડા દિવસોમાં શેરડીના ઊભો પાક કાપવામાં આવવાનો હતો. પરંતુ રાત્રિના આશરે 9 કલાકે શેરડીના ખેતરમાં આગ લગાડી કે લાગી જતાં અડધી શેરડી સળગી જતાં આશરે બેથી અઢી લાખ રૂપિયાનું નુકસાન થયું હતું. હાલ સુરત જિલ્લાની સુગર ફેક્ટરીઓમાં શેરડીની પિલાણ સિઝનને હજી એક અઠવાડિયાની વાર છે, ત્યાં આ આગ લાગવાથી ખેડૂતને ભારે


Milano MULTIPLEX
બારડોલી
Rajni The Jailer 2
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Udta Teer - 12:00pm, 03:00pm, 06:00pm, 09:30pm
Pahla Pyaar Doosri Baar
11:00am
Damru-Gujarati-
02:00pm, 09:00pm
418 - 05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


## જાહેર હરાજી

આથી જાહેરત આપવામાં આવે છે કોસમ આંગણવાડી તા- ઓલપાડ જી સુરતના જર્જરિત આંગણવાડી ના તથા ૧ ઓરડા તથા ૧ શૌચાલયને તોડી કાટમાળ લઇ જવાની જાહેર હરાજીની પ્રક્રિયા તારીખ ૨૮/૧૦/૨૦૨૬ને બુધવાર રોજ બપોરે ૧:૦૦ કલાક થી કોમ્યુનીટી હોલ કોસમ ખાતે રાખવામાં આવેલ છે. ભાગ લેવા ઇચ્છતા ઇસમોએ અનામત પેટે ૫૦૦૦/- (પાંચ હજાર) તથા આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ સાથે હરાજીના સમય મર્યાદામાં હાજર રહેવું. હરાજી ના અંતે કાટમાળ રાખનાર ઇસમે બોલીના ૫૦% રકમ સ્થળ પર જ ભરવાની રહેશે અને બાકી રહેતી ૫૦% રકમ દિન ૧૦માં ગ્રામપંચાયત કચેરી પર જમા કરવાની રહેશે. મંજરી મળ્યાના દિન-૦૭માં તોડકામ કરી કાટમાળ સંપૂર્ણપણે સાફ કરવાનો રહેશે. સમય મર્યાદા ચુકયેથી અનામત રકમ જપ્ત કરવામાં આવશે. કામગીરી દરમિયાન થનારા કોઈપણ અકસ્માત કે જાનમાલના નુકશાનની સંપૂર્ણ જવાબદારી હરાજી રાખનારની રહેશે. હરાજીની શરતો વિગતવાર સ્થળ પર જાહેર કરવામાં આવશે. કોઈ પણ વિવાદ ની સ્થિતિમાં પંચાયતનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. હરાજીની પ્રક્રિયા અને સમયમર્યાદા અંગેની તમામ સત્તા ગ્રામ પંચાયત કોસમ ને આધીન રહેશે જેની નોંધ લેવી.

લિ.
ગ્રા. પં કચેરી કોસમ





